# સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડમાં ચોરીઓની વણઝાર

### સ્ટાફ નર્સ અને દર્દીઓના મોબાઈલ, પાકીટ અને રોકડા રૂપિયાની ચોરીઓથી ઉહાપોહ : સીસીટીવી ચેક કરતા દર્દી જ ચોરી કરતા કેમેરામાં કેદ થયેલો જોવા મળ્યો : સારવાર બાદ દર્દી પોલીસને સોંપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

છેલ્લા ત્રણેક દિવસથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ, સ્ટાફ નર્સો તથા અન્ય હોસ્પિટલ સ્ટાફના પાકીટ, મોબાઈલ તથા રોકડ રૂપિયાની ચોરી ખુબ જ વધી જતાં આજે સવારે હોસ્પિટલમાં ઉહાપોહ થઈ ગયો હતો. જેને પગલે સિક્યુરીટીએ સીસીટીવી કેમેરા ચેક કરતાં હોસ્પિટલમાં ત્રણ દિવસથી દાખલ એક દર્દી જ ચોરી કરતાં કેમેરામાં કેદ થયો હોવાનું બહાર આવ્યું છે. સારવાર બાદ દર્દીને પોલીસમથકે પહોંચાડવામાં આવશે. તેને વીઆઈપી વોર્ડમાંથી મોબાઈલ ચોરી કર્યો હોવાની કબુલાત કરી લીધી છે.

ગાંધીનગર હોસ્પિટલમાંથી આજે સવારે એક નર્સના પાકીટમાંથી વીમામાં ભરવા માટે મુકેલા રૂ. ૧૦ હજાર ગાયબ થી જતાં સવારે ઉહાપોહ થઈ ગયો હતો. વોર્ડમાંથી ચોરીની વાત બહાર પડતા એક પછી એક અનેક ફરીયાદો ઉઠી હતી. કોઈનો મોબાઈલ તો કોઈના પર્સ ચોરી થયા હોવાનું ધ્યાને આવ્યું હતું. સિક્યુરીટી દ્વારા હોસ્પિટલના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા ત્યારે વીઆઈપી વોર્ડમાં ઘુસીને એક નર્સનો મોબાઈલ સરકાવીને લઈ જતો એક શખ્સ કેમેરામાં કેદ થયેલો જોવા મળ્યો હતો. ધ્યાનથી તે શખ્સને દેખતા જાણવા મળ્યુ કે તે તો હોસ્પિટલમા જ દાખલ થયેલો એક દર્દી છે. ૨૦ તારીખે દાખલ થયેલા ચરાડા ગામના એક દર્દીએ ત્રણ દિવસથી તરખાટ મચાવ્યો હતો. તેણે મોબાઈલ ચોરી કર્યો હોવાની કબુલાત કરી લીધી છે. સારવાર બાદ તેને પોલીસ સ્ટેશને મોકલી આપવામાં આવશે.



## નકલી ચાવીથી ચોર ઘરમાં ગુસ્યો ને મકાનમાલીક આવી ગયા

### રાંધેજા ગામમાં બનેલો બનાવ : ભાગી ગયેલા ચોરને પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૨

રાંધેજા ગામમાં એક મકાનને ટાર્ગેટ બનાવી ચોર નકલી ચાવીની મદદથી ઘરમાં ગુસ્યો અને તિજોરીમાં સામાન ફેંદી રહ્યો હતો ત્યાં જ મકાનમાલીક ઘરે આવી જતાં ચોરી કરવા આવેલો શખ્સ ઉભી પુંછડીએ ભાગ્યો હતો. પેથાપુર પોલીસે આજે ઘરફોડ ચોરીનો પ્રયાસ કરનાર શખ્સને ઝડપી પાડ્યો છે. તેની ધરપકડ કરીને પોલીસે ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ રાંધેજા ગામના વણકરવાસમાં રહેતા વિધવા મહિલા પુરીબેન પરશોત્તમભાઈ પરમાર પોતાના ઘરને તાળુ મારીને ખેતરમાં ગયા હતા. તે અરસામાં તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવીને ડુપ્લીકેટ ચાવીથી એક ચોર અંદર ઘુસ્યો હતો અને તિજોરીમાં પડેલો સરસામાન વેર-વિખેર કરી કિંમતી ચિજવસ્તુઓ શોધી રહ્યો હતો. તે જ અરસામાં મકાનમાલીક પુરીબેન પરમાર ઘરે આવ્યા અને પોતાનું ઘર ખુલ્લુ જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. અંદર જઈને જોયુ તો એક શખ્સ ચોરી કરવા ઘુસેલો હતો. મકાનમાલીકને જોઈને ચોર ભાગી ગયો હતો. પેથાપુર પોલીસે આજે ફરાર થઈ ગયેલા ચોરીના પ્રયાસના આરોપી પ્રકાશ ઉર્ફે કાળીયો બલરામ પરમારની ધરપકડ કરી ઊંડી પુછતાછ શરૂ કરી છે.

## રવિવારે દત્ત મંદિરેથી સઈજ સુધીની પદયાત્રાનું આયોજન

ગાંધીનગરના સે. ૨૮માં આવેલ દત્ત મંદિરેથી કલોલ તાલુકાના સઈજ ખાતે આવેલ સિદ્ધનાથ મહાદેવના મંદિર સુધીની પદયાત્રા તા. ૨૫મી જાન્યુઆરીએ સવારે ૫.૦૦ વાગ્યાથી યોજવામાં આવી છે. આ પ્રસંગે લઘુરૂદ્રનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા પૂ. રંગઅવધૂત મહારાજે સઈજના સિદ્ધનાથ મહાદેવ ખાતે મહાસુદ એકમના દિવસે સરખેજના ધનલક્ષ્મીબેન ત્રિવેદીની પીશાચ પીડા દૂર કરવા દત્ત બાવનીની રચના કરી હતી તેને ૮૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજવામાં આવી છે. આ પદયાત્રા દત્ત મંદિરેથી નીકળી વાવોલ-પુન્દ્રાસણ-ટીંટોડા થઈને ૯ વાગે સઈજ પહોંચશે.



ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠન પર્વ ૨૦૧૫ અંતર્ગત વોર્ડ નં. ૭માં ઉપાધ્યક્ષ નાઝકુમાર ધાંધલના નેતૃત્વમાં સભ્ય નોંધણીની શુભ શરુઆત કરવામાં આવી હતી. ઓનલાઈન સભ્ય નોંધણીનો આ નવતર પ્રયોગ વાજતે ગાજતે ઘરે ઘરે ફરીને સફળતાપૂર્વક પક્ષ આગેવાનો અને કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો. મહામંત્રી કનુભાઈ દેસાઈ, મહેશસિંહ રાઓલ, મુકેશ જાની સંગઠન પર્વના ઈન્ચાર્જ જીજ્ઞેશભાઈ જોષીની ઉપસ્થિતિમાં આ સભ્ય નોંધણી કાર્યક્રમ યોજાયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાંધેજામાં ખુલ્લેઆમ જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

### પેથાપુર પોલીસે દરોડો પાડી રૂ. ૮૪૫ રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળતા પોલીસ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી. દરોડો પાડીને ખુલ્લામાં જુગાર રમી રહેલા છ શખ્સોને રંગે હાથ ઝડપી પાડી તમામની રૂ. ૮૪૫ રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરીન ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ એસ.જે. વાઘેલા ને બાતમી મળી હતી કે રાંધેજા ગામના વણકરવાસમાં કેટલાક શખ્સો ટોળુ વળીને જાહેરમાં જુગારની બાજી માંડીને બેઠા છે. બાતમીને આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડતા દોડધામ મચી ગઈ હતી. જુગારીઓએ દોડધામ કરીને ભાગવા માટે પ્રયાસ કર્યો પરંતુ પોલીસે કોર્ડન કરીને તમામ છ જુગારીઓને પકડી પાડયા હતાં. પોલીસે રૂ. ૮૪૫નો રોકડ મુદ્દામાલ કબ્જે કરી લઈ છ જુગારીઓ જયંતી શંકર પરમાર, કનુ રામા પરમાર, શૈલેષ અંબાલાલ પરમાર, પરેશ મગન પરમાર, ભરત નટવર પરમાર અને કાંતિ ઈશ્વર પરમાર (તમામ રહે. રાધેજા, વણકરવાસ)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાવોલ ગામમાંથી ચાર દિવસથી લાપતા

# માતા-પુત્રીનો સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત

### વાવોલ ગામમાં સન્નાટો : છ માસની પુત્રીને સાથે રાખી માતાએ કરેલા આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર પાસે સ્થિત વાવોલ ગામમાંથી ચાર દિવસથી લાપત્તા થઈ ગયેલા માતા-પુત્રીનો આજે સવારે સુઘડ નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. કોઈ કારણોસર છ માસની ફુલસમી પુત્રીને સાથે રાખી માતાએ કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલીસે માતા-પુત્રીના મૃતદેહ બહાર કાઢી પિયર અને સાસરીયામાં જાણ કરી પોસ્ટ મોર્ટમ કરાવ્યા છે. અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોલીસે આપઘાત કરવા પાછળનું રહસ્ય ખોલવા તજવીજ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી વિગત મુજબ સુઘડ નર્મદા કેનાલમાં સવારના અરસામાં માતા-પુત્રીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિક્યુરીટી ગાર્ડે અડાલજ પોલીસને જાણ કરતાં પી.આઈ. કે.કે. પંડ્યા તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. બંને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા જાણવા મળ્યું કે વાવોલ ગામમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા ગીતાબેન ખોડાજી ઠાકોર તથા તેની ૬ માસની દિકરી સપના ઠાકોરના મૃતદેહ હતા. બંને માતા-દિકરી ચાર દિવસથી લાપતા હતા. ગીતાબેન ઘરે કોઈને કાંઈ કહ્યા વગર દિકરીને લઈને ચાલ્યા ગયા હતા અને સે. ૭ પોલીસ મથકે ગુમ થયા સંદર્ભે જાણવા જોગ પણ નોંધાઈ હતી. માતાએ તેની ૬ માસની દિકરીને લઈને કેનાલમાં કુદી જઈ આપઘાત કરી લીધો હતો. જો કે આપઘાતનું કારણ હજુ સ્પષ્ટ થતુ નથી. પોલીસે પિયર અને સાસરીમાં જાણકરી ઊંડી તપાસ શરૂ કરી દીધી છે.



## ચૌધરી મહિલા કોલેજમાં શનિવારે સાહિત્યક પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે-૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા. ૨૪મી જાન્યુઆરી શનિવારે 'ગુજરાતી કવિતામાં છંદ પ્રયુકિત અને પ્રયોગ' વિષય પર રાજયકક્ષાનો પરિસંવાદ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સવારે ૯.૩૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ચાલશે જેમાં તબક્કાવાર ત્રણ બેઠકોમાં યોજાશે.

આ કાર્યક્રમની પ્રથમ બેઠક સવારે ૯.૩૦ વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા સુધી યોજાશે. જેમાં જાણીતા કવિ અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્ર પટેલ ઉદઘાટન કરશે. આ પ્રસંગે આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરી, ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર ચેતન શુકલ અને સુપ્રસિધ્ધ કવિ રાજેન્દ્ર શુકલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કાર્યક્રમનું સંચાલન ડૉ. લીના સ્વાદિયા કરશે આ પરિસંવાદની બીજી બેઠક સવારે ૧૦.૩૦થી ૧.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં ડૉ. ચીનુ મોદી ગઝલનું માન્ય બંધારણ અને રહીફ્ કાફિયાની પ્રયુકિત વિષય પર સંવાદ પ્રસ્તુત કરશે. ત્યારબાદ મનોહર ત્રિવેદી ગુજરાતી ગીતોમાં છંદ, લય, પ્રયુકિત અને પ્રયોગ વિષય પર સંવાદ પ્રસ્તુત કરશે. આખરમાં એન.એ. અન્સારી ઉર્દુ અને ફારસી ગઝલ પર તેમનો સંવાદ રજુ કરશે. આ બેઠકનું સંચાલન ડૉ. મીના વ્યાસ કરશે.

પરિસંવાદની આખરી બેઠક બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં કવિ રાજેન્દ્ર શુકલ ગુજરાતી ગઝલનું અંતરસ્તત્વ વિષય પર અને એસ.એસ. રાહી ગુજરાતી ગઝલ ગતિ અને દિશા વિષય પર સંવાદ પ્રસ્તુત કરશે. આ બેઠકનું સંચાલન પ્રા. મુન્નાબેન ચૌધરી કરશે.



એપીએમસી માર્કેટમાં ચૂંટણીને લઈને ગુરુવારના દિવસે ભારે ઉત્સુકતા રહી હતી. તમામ સંબંધિત લોકો પહોંચ્યા હતા.

## સાદરામાં જનક્ષત્રિય દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટની વાર્ષિક સભા યોજાઈ

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે આવેલ જક્ષણી માતાજીના મંદિરે અન્નપૂર્ણા હોલમાં તાજેતરમાં ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં સરસ્વતિ સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમસ્ત દંઢાવ્ય સમાજના ધો. ૧ થી ૧૨ અને કોલેજના અભ્યાસક્રમોમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ચંદ્રકો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ સભામાં વાર્ષિક હિસાબોને પ્રસ્તુત કરી બહાલી અપાઈ હતી. આ સભામાં સમાજના અગણી વિનોદભાઈ જણસારીના પુત્ર વિરલ જણસારીનું આઈઆઈએમમાં પ્રવેશ પરીક્ષઆમાં ૯૯.૨૫ ટકા ગુણ મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યુંહતું. આ કાર્યક્રમમાં પ્રમુખ બુધેશભાઈ ચૌહાણ, મંત્રઈ અમૃતભાઈ સોલંકી સહિત કારોબારીના સભ્યો અને મોટી સંખ્યામાં સમાજના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## કમોસમી વરસાદને કારણે જીરૂ, ચણા સહીતના પાકોને નુકશાનનો ભય

ગાંધીનગર, તા.૨૨

રાજયમાં ગઈ કાલે થયેલા કમોસમી વરસાદને કારણે જીરૂ, ચણા સહીતના કેટલાક શિયાળુ પાકોને ભારે નુકશાન થયું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના હવામાનમાં ગઈકાલે પલટો આવ્યો હતો. ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાત તેમજ અન્ય કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવા પામ્યો હતો. આ કમોસમી વરસાદને કારણે જે વિસ્તારોમાં જીરૂ, ચણા, વરીયાળીના પાકોને ફુલ આવી ગયા હોય તેવા પાકોમાં માવઠાને લીધે રોગચાળો પેસી જાય અને પાક નાશ પામે. ગઈ કાલે થયેલા આ કમોસમી વરસાદને કારણે આ પાકોને ભારે નુકશાન થયું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી રહી છે. કમોસમી વરસાદને કારણે ખેડુતોમાં ચિંતા ઉઠવા પામી છે.

વિગતો મુજબ રાજયના કૃષિ વિભાગ દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારીઓને કયા કયા વિસ્તારોમાં માવઠું થયું છે આ માવઠાને કારણે કયા કયા પાકોને કોઈ નુકશાન થયું છે કે નહી તે અંગેનો સર્વે કરીને અહેવાલ મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૩
સૂર્યાસ્ત : ૬.૨૦

### તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૪ ટકા ● સાંજે ૪૧ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**
આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
અલોન : ૧.૩૦, ૭.૩૦

**સ્ક્રીન-૨ :**
અલોન : ૧૦.૧૫, ૧૦.૧૫
આઈ : ૧૨.૩૦, ૭.૧૫
તેવર : ૪.૧૫

**સ્ક્રીન-૩ :**
શરાફત ગઈ તેલ લેને : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
તેવર : ૧.૦૦, ૬.૩૦

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૧ :**
આઈ (હિન્દી) : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
આઈ (હિન્દી) : ૧૨.૩૦
અલોન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**
અલોન : ૧.૧૫
શરાફત ગઈ તેલ લેને : ૩.૪૫, ૭.૧૫
ટેકન (ઈંગ્લીશ) : ૯.૩૦

**સ્ક્રીન-૪ :**
આઈ : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૧.૩૦
તેવર : ૭.૦૦
શરાફત ગઈ તેલ લેને : ૧૦.૧૫

**સ્ક્રીન-૫ :**
અલોન : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૭.૩૦
પી.કે. : ૪.૧૫
શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦
તેવર : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**કર્ક** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**વૃશ્ચિક** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**કુંભ** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. શ્રીરામ ગોવિંદ મૂળે (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૭૯૧/સી, પંચશીલપાર્ક સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સ્વ. ચંદ્રસિંહ દેવીસિંહ ચાવડા (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૯૧૬/૨, સેક્ટર-૫સી, ગાંધીનગર
- સ્વ. ગીતાબેન ખોડલજી ઠાકોર (ઉ.વ.૩૫) મુ. વાવોલ, ઠાકોરવાસ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સપનાબેન ખોડાજી ઠાકોર (૬ માસ) મુ. વાવોલ, તા.જી. ગાંધીનગર